સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સ્વાર્થ માટે સૌ લઘુમતીઓને પટાવે છે,
ને મત માટે સૌ જાતિ-ધર્મને વટાવે છે,
ઠરાવે છે ખૂદને તો બીન સાંપ્રદાયિક -
પણ અન્યોને તો અસહિષ્ણુમાં ખપાવે છે...

હાઈકુ

સડ્યું છે સાવ
ખાયકી ઉંધઈથી -
ખોખલું તંત્ર...

લે છે ભીંસમાં
આ કોમી અજગર -
લોકશાહીને...

ચિંતન

असुखमथ सुखं वा कर्मणा पक्तिवेला स्वहद नियतमेते भुंजयते देहभाजः ।
तद्दिह पुरत एव प्राह मौहर्ति कश्चेत कथय फलम मीषामन्ततः किं ततः स्यात् ॥

'આપણે પૂર્વ જન્મોમાં કરેલા (સાચાં-ખોટા કર્મોનો જયારે આ જન્મમાં પરિપાક થાય. પાકે-ત્યારે જ બધાં પ્રાણીઓ નિયમિત રીતે-નિશ્ચિત સમયે જ કર્મ-વિધાતાએ નિર્ધારિત સમયે જ માણસ સુખ કે દુ:ખ ભોગવે છે એને જ વિધિ વિધાતાના લેખ કહેવાય - હવે જો જયોતિષીઓ આ જ વાત જો વિધાતા દ્વારા ગોઠવાયેલા જન્મ ગૃહોની કુંડળી વાંચીને પહેલેથી જ કહેતા હોય તો કહો પછી એમાં શું પરિણામ આવે? એમાં શું મોથ મારી? એમાં કયું પરાક્રમ છે?'

એવા જન્મગ્રહો રચાય છે જયારે ઈશ્વરી કોમ્પ્યુટર પ્રમાણે આપણા જીવનનો સંપૂર્ણ ચાર્ટ (છેલ્લા શ્વાસ સુધીનો) ત્યારે જન્મ થાય - કુંડળી બને એ ગ્રહોના ફળ પરિણામ સુખ-દુખ આવે જાય - જયોતિષી એ ગ્રહોના પરિણામ જ કહેતા હોય છે.

સુવિચાર

- સમય નિરાકાર છે, જો કે એની એક ખૂબી એ છે કે એને જેવો આકાર આપો એવો એ થઈ જાય છે.. સારો અથવા ખરાબ... - **સમયસૂત્ર**
- બીજાના જીવન બાગમાં આપણો પ્રવેશ વસંતરુપે જ થાય, પાનખર રુપે તો કદાપિ ન જ થવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- ભાગ્યના દરવાજા ઉપર માથું ભટકાવવા કરતાં કર્મનું વાવાઝોડું ઊભું કરો બધા જ દરવાજા ખૂલી જશે - **પોલ વોકર**
- સપના આપણને ચૂપચાપ અને સલામત રીતે પાગલપણાંમાં સરી જવાની સવલત આપે છે - **જનકલ્યાણ**
- જો કોઈકને 'હું' વળગે, તો દેવ-દાવનની કોઈ વિસાત નથી - **સરદાર પટેલ**
- માણસને જમવાથી સંતોષ નથી થતો પણ લોભ દૂર રાખવાથી સંતોષ થાય છે - **ગુલાબદાસ બ્રોકર**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આપણી સૌની પર્યાવરણનું જતન કરવાની ફરજ છે. અને સૌએ નિષ્ઠાપૂર્વક એ ફરજ બજાવવી જ જોઈએ.

મહાન વિજ્ઞાની ન્યૂટન મરણ પથારીએ હતા. પ્રકૃતિના નિયમોનું ઉદ્‌ઘાટન કરવા બદલ આજે પણ તેમનું નામ અમર છે. એમના મરણ પહેલાં તેમને મળવા આવેલા તેમનાં એક નિકટના મિત્રે તેમને કહ્યું.

'કુદરતના વિવિધ નિયમોના જ્ઞાનમાં તમે આટલા બધાં ઊંડા ઊતરી શક્યા એ વાતનું ગૌરવ તો તમને થતું જ હશે કેમ, ખરું ને?'

'અરે ગૌરવની વાત જ કયાં છે? મારી ચતુર આંખો સામે સત્યનો અસીમ અગોચર દરિયો ફેલાયેલો પડ્યો છે ને હું તો એના કિનારે રમતું અને રંગભર્યા શંખ છીપલાં ભેગાં કરનારું બાળક છું. એમ જ મને તો લાગ્યા કરેલું.'

ન્યૂટનના આ જવાબમાં એક સાચા મહાન પુરુષની સરળતા અને સચ્ચાઈ તો છે જ પણ એ સાથે એમનું પારદર્શક નિરાભિમાનપણું પણ જોવા મળે છે.

અસહિષ્ણુતાના વાવરમાં ફસાયેલ દેશને ખપે છે અમન-શાંતિ-સદ્‌ભાવ-સૌહાર્દ !

તંત્રીસ્થાનેથી....

રાષ્ટ્રવ્યાપી 'અસહિષ્ણુતા'ના પરિસંવાદમાં લોકપ્રિય અભિનેતા શાહરૂખ ખાને પણ ઝુકાવ્યું તેના ચિત્ર-વિચિત્ર પડઘા પડ્યા છે. સત્તાધારી પાર્ટી માને છે કે આ તો 'ચાના કપનું તોફાન' છે. હકીકતમાં બધે લીલા લહેર છે. પોપટ ભૂખ્યો નથી, પોપટ તરસ્યો નથી - પછી આ બધી બબાલ નથી? વડાપ્રધાન જયાં જાય છે ત્યાં એમને સાંભળવા લોકોનાં ટોળેટોળાં ઉમટી પડે છે. વિદેશોમાં દેશનો ડંકો વગાડી દીધો છે. જેણે બેન્કનું પગથિયું જોયું નહોતું એવા ગરીબ માણસ પાસે પાસબુક આવી ગઈ છે. એ જુદી વાત છે કે પેલી પંદર લાખ વાળી દંતકથા સાકાર થઈ શકી નથી! પણ ખાતું ખૂલી ગયું છે એટલું ઓછું છે? સામા પક્ષે જાણે દેશ સાવ જ ખાડે ગયો હોય, લોકશાહી જેવી વસ્તુ જ ન બચી હોય અને નાગરિકો પર ક્રૂર અત્યાચારો થઈ રહ્યા હોય એવો હોબાળો મચેલો છે. બેઉ પક્ષો અડધાપડધા સાચા છે. રાજકારણમાં પૂર્ણ સત્યની અપેક્ષા રાખે તે મૂરખ. મૂળે તો આ તમામ વિવાદ પાછળ મોદી અને મોદી વિરોધી રાજકારણીઓ છે. પરંતુ દાદરીકાંડ અને કલબુર્ગી હત્યા જેવી ઘટનાઓ પછી શાસક પક્ષ પ્રત્યે કલાજગત, સાહિત્ય જગત અને વિજ્ઞાનક્ષેત્રના પ્રતિષ્ઠિત મહાનુભાવો હચમચી ઊઠ્યા છે. આમ પણ આ સંવેદનશીલ પ્રબુદ્ધ જનો વાત વાતમાં ઉગ્ર પ્રતિક્રિયા આપવા ટેવાયેલા હોય છે. સામાન્ય પ્રજા એમને કાં તો સમજતી નથી અને સમજતી હશે તો ગણકારતી નથી. એ લોકોમાં ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત નથી, કારણ કે તેઓ 'કલાસ' પૂરતા જાણીતા હોય છે. 'માસ' જુદી જ ચીજ છે, જે કયારેક ઈંદિરા ગાંધી પાછળ ગાંડો હોય છે તો કયારેક વાજપેયીને ખભે બેસાડે છે. નરેન્દ્ર મોદી જેવા હશે તેવા - પણ 'માસ' અપીલ ધરાવતા નેતા છે. એટલે જયાં સુધી એમનો જાદુ ચાલશે ત્યાં સુધી બૌદ્ધિકો ગમે તેટલો ઊહાપોહ કરે, એવોર્ડ પરત કરે કે ધરણાં કરે, છતાં સરકારનું પેટનું પાણી હાલવાનું નથી. શાસક પક્ષને ખબર છે કે ચૂંટણી જીતવા માટે એની પાસે છેલ્લું કાર્ડ તો હિંદુત્વનું જ છે. એટલે વિકાસ-બિકાસનું ડિમડિમ વગાડવાનું બંધ કરીને બિહારમાં એણે 'બીફ' ને જ ચૂંટણી મુદ્દો બનાવી દેવામાં શાણપણ જોયું. મુસલમાનો કંઈ હિન્દુસ્તાન છોડીને પાકિસ્તાન જતા રહેવાના નથી, પણ ભાજપની સેકન્ડ અને થર્ડ કેડરના મુફલિસ નેતાઓ એવાં નિવેદનો કરે તે જરુરી હતું, જેથી ભાજપ એના હિંદુત્વના મુદ્દાને ભૂલ્યું નથી એવી પ્રતીતિ કરાવી શકાય અને બહુમતી મતદારોનું ધ્રુવીકરણ થઈ શકે. છેલ્લે શાહરૂખ ખાને એના પચાસમા જન્મદિવસે દેશમાં અસહિષ્ણુતાનું વાતાવરણ હોવાની ઉગ્ર રજૂઆત કરી એથી શાસક પક્ષ અકળાયો છે. પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી કૈલાસ વિજયવર્ગીયે તો શાહરૂખનું તન હિંદુસ્તાનમાં અને મન પાકિસ્તાનમાં હોવાનું નિવેદન કરી એને દેશદ્રોહી સુદ્ધા કહી દીધો. યોગી આદિત્યનાથે શાહરૂખ હાફિઝ સઈદની ભાષા બોલતા હોવાનું કહ્યું. સામે હાફિઝ સઈદ જેવા નામચીત આતંકવાદીએ શાહરૂખ સહિત જે કોઈ મુસ્લિમ બંધુઓને હિંદુસ્તાનમાં અપમાનિત સ્થિતિમાં રહેવું પડતું હોય એમને પાકિસ્તાનમાં પધારવ નોતરું પાઠવી દીધું ! સાધ્વી પ્રાચી એમનાં વિવાદાસ્પદ વિધાનો માટે ખૂબ જાણીતા છે. એમણે શાહરૂખને પાકિસ્તાની એજંટ કહી દીધો અને દિલ્હીથી ચૂંટાયેલા બિહારી અભિનેતા સાંસદ મનોજ તિવારીએ શાહરૂખનું નિવેદન બિહારની ચૂંટણીની પૂર્વસંધ્યાએ આવ્યું છે તે કોંગ્રેસને અને મહાગઠબંધનને મદદરુપ થવા માટેનું ઈરાદાપૂર્વકનું નિવેદન છે, એવું અર્થઘટન કરી દીધું છે. શાહરૂખ અભિમાભ્નની લગોલગ લોકપ્રિયતા ધરાવતો સિનેસ્ટાર છે. એને સારું લગાડવા માટે મોદીતરફી અનુપમ ખેર અને મધુર ભંડારકર તો કૂદી જ પડ્યા, સામે રઝા મુરાદે પડકાર ફેંકીને કહ્યું કે આ દેશ કોઈના બાપની જાગીર નથી - અમને કાઢનારા તમે કોણ? ગઝલ ગાયક ગુલામ અલીએ હવે દિલ્હીના કાર્યક્રમો પણ મોકૂફ રાખ્યા છે. દેશ ખરેખર અસહિષ્ણુતાના વાવરમાં ફસાયો છે, એનો છે કોઈ ઉકેલ? રાષ્ટ્રપતિ સુદ્ધાં આ મુદ્દે વારંવાર ટકોર કરતાં રહ્યા છે પણ મોદી મૌની બાબા બની બિહારનાં પરિણામોની રાહ જોઈ રહ્યા છે!

સંવતના પ્રવર્તક – વિક્રમ

ભારતના સાત પુરાણ પ્રસિદ્ધ અને પવિત્ર નગરીઓમાં ઉજ્જૈનનો સમાવેશ થતો. તે મહત્ત્વનું વ્યાપાર કેન્દ્ર હોવાથી આર્થિક રીતે સમૃદ્ધ શહેર હતું. શિપ્રા નદીને કિનારે વસેલા આ નગરને ભગવાન મહાકાળની છત્રછાયા હતી. ત્યાં એક સમયે રાજા ગર્દભિલ હતા. એમના અવસાન પછી અનુગામી તરીકે મોટો રાજકુંવર જ હોય. પરંતુ તે વસ્ત્રોની પણ પરવા ન કરે તેવો તપસ્વી હતો અને શિપ્રાને કિનારે તપમાં મગ્ન રહેતો. તેથી માત્ર 'પ્રજાપાલન એ ફરજ છે' એમ સમજીને નાના પુત્ર વિક્રમાદિત્યએ શાસન સંભાળ્યું. સ્વભાવે તપસ્વી તો એ પોતે પણ હતો. આમ કરતાં પહેલાં મોટાભાઈએ એને સંમતિ પણ આપી દીધી.

પ્રજાને એના માટે, ખરેખર પોતાના પિતા હોય, તેવા સદ્‌ભાવ અને આદર હતો. લોકોને શું તકલીપ છે, એ જાતે સમજવા માટે તે રાત્રે નગરમાં 'અંધાર પિછોડી ઓઢીને' છૂપા વેશમાં ફરતો રહેતો અને પછી એમનાં દુ:ખદર્દો દુર કરતો. તે ખરા અર્થમાં 'પારકી છઠ્ઠીનો જાગતલ' હતો. આજ પણ કોઈ બીજાના દુ:ખ ભાંગતુ હોય તો કહેવાય છે - 'પરદુ:ખ ભંજક વિક્રમાદિત્ય' છે.

રાજા ન્યાયપ્રિય હોય તો જ એને આટલી લોકપ્રિયતા મળે. રાજા વિક્રમાદિત્ય ન્યાયપ્રિય હતા. તે નિષ્પક્ષ અને તટસ્થ માટે પ્રસિદ્ધ હતા. એમનું ન્યાયનું આસન પ્રભાવશાળી હતું. આજે પણ કહેવાય છે - 'ન્યાય તો વિક્રમનો જ.' ન્યાય તો વિષ્ણુનો પર્યાય છે. 'વિષ્ણુસરસ્ત્ર નામ' માં છે. 'ૐ ન્યાયાય નમ:'

બીજાની કાળજી લેવામાં અને એમને આશ્રય આપવામાં તે ઉદાર હતા. આને કારણે એની રાજસભા 'નવરત્નો' થી શોભતી હતી. આ નવ પ્રતિભાશીલ વ્યક્તિઓ એમના આશ્રયમાં હતી : ધન્વન્તરી, ક્ષપણક, અમરસિંહ, વેતાલ ભટ્ટ, ઘટકર્પક, કાલિદાસ, વરાહમિહિર એ વહરુચિ. આ સૌ કોઈ પોતાના ક્ષેત્રમાં નિપુણ હતા. વિક્રમાદિત્ય પાસે આ ઉપરાંત ૧૬ વૈદ્ય, ૧૬ સૂતપુરાણી, ૧૬ નૃત્યાચાર્ય અને ૧૬ વેદપાકી બ્રાહ્મણો હતા. આ રીતે તે સાહિત્ય, કલા અને વિજ્ઞાનને પ્રોત્સાહન આપતા. તે ચક્રવર્તી સમ્રાટ હતા. તેની પાસે ૮૦૦ ખંડિયા માંડલિક રાજયો હતા. પરંતુ તે આ સૌ કોઈને પોતાના સભાસદો કરતાં પણ વધુ સન્માન આપતા.

આ રાજા સાહસિક અને પરાક્રમી હતા. વિક્રમ = પરાક્રમ.

વિક્રમ તો વિષ્ણુનો પર્યાય છે. 'વિષ્ણુસહસ્રનામ'માં છે. 'ૐ વિક્રમાય નમ:' રાજા પરાક્રમમાં સૂર્ય જેવા હતા - તેથી તેનું ઓછું જાણીતુ નામ છે - વિક્રમાર્ક. કાલિદાસ તો જયાં 'પરાક્રમ' શબ્દ વાપરવો હોય ત્યાં 'વિક્રમ' શબ્દ જ વાપરે. આ રીતે પોતાના આશ્રયદાતાને યાદ કરી લે. પોતાના એક નાટકનો વિષય છે પરાક્રમથી પ્રાપ્ત કરેલી ઉર્શવી. તો એણે શીર્ષક આપ્યું 'વિક્રમોર્વશીય.'



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પોતાના પરાક્રમથી તે જે કાંઈ સંપત્તિ જીતી લાવતા, તેમાંથી અર્ધી સંપત્તિ તે કોઈને કોઈ રીતે દાનમાં આપી દેતા.

એ વખતે દેશની વાયવ્ય સરહદેથી વિદેશી પ્રજા શકના ધાડા ઊતરી આવતા. તેઓ સંખ્યામાં એક લાખ જેટલા હતા; તેવી માન્યતા હતી. તેઓ આતંક મચાવતા અને લૂંટફાટ કરતા. વિક્રમાદિત્યે એમને સ્થળે સ્થળેથી હટાવ્યા અને પાછા ખદેડી મૂક્યા. લોકોએ રાજી થઈને એને 'શકારિ' નું બિરુદ આપ્યું. પ્રજાજનોના આનંદભર્યા અતિઆગ્રહને કારણે એના નામે, વિક્રમ સંવત શરુ થયો. એણે શાસન સંભાળ્યું, તે ઈ.પૂર્વે ૫૭માં કારતક સૂદ એકમે. ત્યારથી શરુ થયેલો વિક્રમ સંવત હવે ૨૦૭૨ માં પ્રવેશ કરશે.

સમ્રાટ વિક્રમાદિત્ય ભારતના ઈતિહાસમાં અત્યંત પ્રભાવશાળી રાજા તરીકે પ્રસિદ્ધ છે. એના પછીના સમયમાં રાજા પોતાનું બિરુદ 'વિક્રમાદિત્ય' રાખતા થયા. જેમ કે (૧) ચંદ્રગુપ્ત બીજો વિક્રમાદિત્ય (૨) કોરુના મહાયુદ્ધમાં યવનોને હરાવનાર - વિક્રમાદિત્ય (૩) દક્ષિણ

અનુસંધાન પાના નં. ૭ પર

જડીબુટ્ટીના પ્રભાવથી વૃદ્ધાવસ્થાને નવયૌવન પ્રાપ્ત કરવાની પ્રાચીન પદ્ધતિને શું કહે છે?

ભારતનો સાંસ્કૃતિ વારસો

ખજાનો
અનિલ પટેલ

(૧) જડીબુટ્ટીના પ્રભાવથી વૃદ્ધાવસ્થાને નવયૌવન પ્રાપ્ત કરવાની પ્રાચીન પદ્ધતિને શું કહે છે?
(અ) કાયાકલ્પ (બ) કાયાશિલ્પ
(ક) બહુઆયુ (ડ) ચિરંજીવ

(૨) 'અષ્ટાધયી'ના રચયિતા કોણ છે?
(અ) અશ્ર ઘોષ (બ) પાણિની
(ક) વરાહ મિહિર (ડ) આચાર્ય કપિલ

(૩) રાજતરંગિણી કોની રચના છે?
(અ) કલ્હરણ (બ) વાત્સ્યાયન
(ક) વાલ્મિકી (ડ) તુલસીદાસ

(૪) 'કાલબેલિયા' કયા રાજયનું જાણીતું નૃત્ય છે?
(અ) કેરલ (બ) પંજાબ
(ક) તમિલનાડુ (ડ) રાજસ્થાન

(૫) સમુદ્રમંથન વખતે જે વિષ નીકળ્યું હતું તેનું નામ શું હતું?
(અ) સાગરવિષ (બ) કાલવિષ
(ક) હળાહળ (ડ) નાગવિષ

(૬) પ્રાચીન વિદ્યાપીઠ તક્ષશિલાના અવશેષો હાલ કયાં દેશમાં જોવા મળે છે?
(અ) અફઘાનિસ્તાન (બ) બિહારમાં
(ક) નેપાલમાં (ડ) પાકિસ્તાનમાં

(૭) થેરુકુત્તુ કયા પ્રદેશનું લોકનાટ્ય છે?
(અ) તમિલનાડુ (બ) હરિયાણા
(ક) આંધ્રપ્રદેશ (ડ) કર્ણાટકા

(૮) કોંકણી ભાષાના પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર કોણ છે?
(અ) વિજય તેંડુલકર (બ) રવીન્દ્ર કેલકર
(ક) સોમદેવ (ડ) વિષ્ણુ પ્રભાકર

(૯) બિશ્નોઈ સંપ્રદાયના સ્થાપક કોણ હતા?
(અ) નિમ્બાર્કાચાર્ય (બ) મહારાષ્ટ્ર
(ક) સોમદેવ (ડ) વિજયનાથ

(૧૦) સંત પુરંદરદાસ કયા રાજય સાથે સંકળાયેલ છે?
(અ) કેરલ (બ) મહારાષ્ટ્ર
(ક) કર્ણાટક (ડ) મધ્યપ્રદેશ

(૧૧) 'તોતા-એ-હિંદ' તરીકે કોણ ઓળખાય છે?
(અ) નિઝામુદ્દીન ઓલીયા (બ) અખલાક મહોમદખાન
(ક) મુલુક મહમદ જાયુસી (ડ) અમીર ખુશરો

(૧૨) બાઉલ ગીતો કયા સાહિત્ય સાથે સંકળાયેલા છે?
(અ) બંગાળી સાહિત્ય (બ) ઉર્દૂ સાહિત્ય
(ક) તમિલ સાહિત્ય (ડ) ભોજપુરી સાહિત્ય

(૧૩) સંગીત સમ્રાટ તાનસેનના ગુરુનું નામ શું હતું?
(અ) રામદાસ (બ) હરિદાસ
(ક) ગુરુચરનદાસ (ડ) શાંતિનાથ

(૧૪) લોસાંગ પર્વ કયા રાજયમાં મનાવવામાં આવે છે?
(અ) મિઝોરમ (બ) નાગાલેન્ડ
(ક) સિક્કિમ (ડ) આસામ

(૧૫) વિન્દા કરન્દીકર કઈ ભાષાના સાહિત્યકાર છે?
(અ) તમિલ (બ) મરાઠી
(ક) મલયાલમ (ડ) હિન્દી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૬ નવેમ્બર ૧૮૬૫ સર વિલિયમ બૂગ લૂઈસમાન : બ્રિટીશ ફીજીશીયન, ભારતમાં થતો 'લેઈશમેનીયાશીસ' નામના રોગ પર સંશોધન કરનાર
- ૬ નવેમ્બર ૧૮૪૮ રીચાર્ડ જેફરીઝ : સ્વીડનમાં જન્મેલા ઈંગ્લીશ પ્રકૃતિવિદ તથા લેખક
- ૭ નવેમ્બર ૧૮૮૮ સર ચંદ્રશેખર વેંકટરામન : ભારતીય ભૌતિક વિજ્ઞાની. ૧૯૩૦માં નોબલ પ્રાઈઝ વિજેતા, રામન કિરણોના શોધક
- ૭ નવેમ્બર ૧૮૭૮ લીસ મેઈન્ટર : ઑસ્ટ્રેલિયન-સ્વીડીશ ભૌતિકશાસ્ત્રી. મહિલા વૈજ્ઞાનિક. ૧૯૬૬માં એનરીકો ફર્મી એવોર્ડ સન્માનિત
- ૮ નવેમ્બર ૧૯૦૪ નોર્મોન ડે બ્રુથેન : ડચ સંશોધક, સ્ટ્રોંગ લાઈટ વેઈટ મટીરીયલથી એરક્રાફ્ટ બનાવનાર
- ૮ નવેમ્બર ૧૯૦૦ અલ્બર્ટ એફ. ફે વાસલીંગ : સ્વીઝ બોટાનીસ્ટ, 'સબમાઈક્રોસ્કોપીક માર્ફોલોજી'ના સ્થાપક
- ૯ નવેમ્બર ૧૮૯૭ રોલાન્ડ જી. ડબલ્યુ નોરીશ : બ્રીટીશ કેમીસ્ટ ૧૯૬૭માં નોબલ પ્રાઈઝ મેળવનાર
- ૯ નવેમ્બર ૧૮૯૭ બ્રિટીશ કેમીસ્ટ : ૧૯૬૭માં નોબલ પ્રીઝ મેળવનાર વૈજ્ઞાનિક
- ૧૦ નવેમ્બર ૧૮૭૪ ગુત્સવ જયોર્જ એમ્બજેન : જર્મન રસાયણશાસ્ત્રી, 'કાર્બોહાઈડ્રેટસ મેટાબોલીઝમ' પર સંશોધન કરનાર
- ૧૦ નવેમ્બર ૧૮૭૦ મિચેલ ઈનોવીચ રોત્સેટોવર્ઝ : રશિયન - અમેરિકન આર્કીઓલોજીસ્ટ. ગ્રીક અને રોમન ઈતિહાસના જાણકાર
- ૧૧ નવેમ્બર ૧૯૦૪ હેન્રી વાઈટહેડ : બ્રિટીશ ગણિતશાસ્ત્રી. 'હોમોટોમી થિયરી' વિકસાવનાર
- ૧૧ નવેમ્બર ૧૯૦૩ થોમસ એડવર્ડ એલીબોન : ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી, હાઈવોલ્ટેજ જનરેટર વિકસાવનાર
- ૧૨ નવેમ્બર ૧૮૯૬ સલીમ અલી : ભારતીય પક્ષીવિદ, ભારતીય જૈવિક વિવિધતાના સંરક્ષક
- ૧૨ નવેમ્બર ૧૮૯૧ શેથ બર્નેશ નિકોલશન : અમેરીકન એસ્ટ્રોનોમર, ગુરુના ચાર ગ્રહોની જાણકારી આપનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : તાજેતરમાં કયા સાહિત્યકારની હત્યાના પગલે ઘણા બધા લેખકોએ રાષ્ટ્રીય પુરસ્કારો પરત કર્યા?
જવાબ : ડો. એમ. એમ. કુલકર્ણી તથા ગોવિંદ પનસારે

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ. સાયન્સ કૉલેજ
(૨) દિલીપ કે વાઘેલા : ગાંધીનગર
(૩) પંકજ આર પ્રજાપિત : ઉવારસદ
(૪) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) સુબામીયાં એલ. સૈયદ : ધારીસણા (દહેગામ)
(૬) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭, ૫૫૩/૧

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

નેપાળના વર્તમાન વડાપ્રધાનનું નામ શું છે?

'ગાંધીનગર સમાચાર' - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૬ (૬૬) ૬ (૨૬) ૬ (૬૬) ૬૮ (૬૬)
૬ (૬૬) ૬ (૦૬) ૬ (૭) ૬ (૭) ૬૮ (૭) ૬ (૬) ૬ (૬) ૬ (૬) ૬૮ (૬)

લીપીડ પ્રોફાઈલ ઊંડાણમાં...

તન દુરસ્તી
મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

કાન્તીભાઈ પંચાલ હિંમતનગરમાં કાર્ડીઓગ્રામ અને TMT કરાવીને નોર્મલ રીપોર્ટ સાથે ગાંધીનગર આવવા નીકળ્યા. ચિલોડા આવતા તેમને છાતીમાં સહેજ ભાર જેવું લાગ્યું. રમીલાબહેન એમના પત્નીએ કહ્યું, તમે તો બહુ જ વહેમીલા છો ભાઈ... હાલ તો હૃદયના બધા જ ટેસ્ટ કરાવીને આવ્યા છતાં પણ હાર્ટ એટેકની બીક જતી નથી. પણ કાન્તીલાલ એકના બે ન થયા. ભલે આપણે અમદાવાદથી હિંમતનગર આપણા નજીકના ડૉકટરને ત્યાં જઈને બધા જ ટેસ્ટ કરાવ્યા જે નોર્મલ છે. છતાં પણ મારે ફરીવાર કાર્ડીયોગ્રામ લેવડાવવો છે. ગાંધીનગરમાં આવી ફરી કાર્ડીયોગ્રામ લીધો અને કાન્તીલાલ પંચાલ સાચા હતા. એમને હાર્ટનો એટેક હતો. જેને સાયન્ટીફીક ભાષામાં MI (માયોકાર્ડીયલ ઈંફ્રાકશન) કહે છે. તાત્કાલિક તેમને એન્જીયોગ્રાફી માટે મોકલી આપવામાં આવ્યા. પછી હવે બધુ સારુ છે. ખાધુ પીધું ને રાજ કર્યું.

પણ ભાઈ... સવાલ એમ થાય છે કે કાન્તીલાલનો કલાક પહેલાનો ટેસ્ટના રિપોર્ટ નોર્મલ હતા તો પછી કલાક પછી એટેક કઈ રીતે હોઈ શકે?? શંકા ઘણીબધી થાય. આગળના ડૉકટરે કંઈ ખોટું કર્યું હશે? કે બીજો ડૉકટર કાન્તીલાલને ગભરાવતો હતો?

જાગૃતિબહેનની ઉંમર ૩૫ વર્ષ છે. નખમાંય રોગ નહીં. સવારે પાંચ વાગે. ઊઠી બધું જ ઘરનું કામ કરી છોકરાઓને ભણાવવા માટે પ્રાઈમરી સ્કૂલમાં સાત વાગે પહોંચી જાય. છોકરાઓને ભણાવે, ગમ્મત કરાવે, નવી નવી વાતો કરે, સમાજનું ઘડતર કરવા માટે નાના છોકરાઓમાં સાચા અને સારા સંસ્કારનું સિંચન કરે, ગરીબોના છોકરાઓને સારુ જ્ઞાન પીરસી પોતાની જાત ઉપર ગૌરવ અનુભવતા. અચાનક એક છોકરાને લેસન ન કરી લાવવા માટે જાગૃતિ બહેને ધમકાવ્યો. છોકરો રડતા રડતા બોલ્યો મારા બાપુ રોજ દારૂ પીવે છે, તમાકુ ખાય છે અને ચુંગી પીવે છે અને પછી મારી બાને મારે છે ઘરમાં બે દિવસથી કાંઈ ખાવાનું નથી, મારી પાસે નોટ-પેન્સીલ કાંઈ નથી. હું શું લેસન લખું. સાંભળી જાગૃતિબહેને હીબકાં લેવા મંડ્યા. એ રડી ન શક્યા ખુબ દુ:ખ થયું અને પછી છાતી પકડીને બેસી ગયા. પરસેવો થઈ ગયો અને અર્ધભાન અવસ્થામાં આવી ગયા. છોકરાઓએ બુમ પાડી તાત્કાલિક ૧૦૮ પ્રિન્સિપાલે બોલાવી અને ICU માં ખસેડવામાં આવ્યા જતાં તેમને હાર્ટ એટેક છે એવું નિદાન કરવામાં આવ્યું.

નામ છે તારક મહેતા ઉંમર છે ૨૬ વર્ષ. બ્લડગ્રુપ ઓ- નેગેટીવ. પરણેલો એક સંતાનનો બાપ. એલ.આઈ.સી.માં નોકરી કરતો એવો તરવૈયો નવજુવાન નરવાત્રીમાં ગરબા ગાઈ રાત્રે મિત્રો સાથે જલસા પાર્ટી કરી. ૩૧.૧૦.૨૦૧૫ ને ૧૨.૩૯ મિનિટે બપોરે આરામ કરવા માટે પથારીમાં જઈ રહ્યો હતો. ૧૨.૪૫ વાગે એણે એના પત્નીને કહ્યું કે મને મજા નથી આવતી. કંઈક છાતીમાં ભાર લાગે છે, પરસેવો થાય છે અને અશક્તિ લાગે છે. બે વાર ઝાડા પણ થઈ ગયા છે. હું જરા આરામ કરી લઉં. અચાનક તારકે ચીસ પાડી કે છાતીમાં ખુબ દુ:ખે છે. જલ્દી ડૉકટરને બોલાવ. ડૉકટર આવે એ પહેલાં બે મિનિટમાં જ તારકે આ દુનિયા છોડી દીધી. માં, નાનો દીકરો, મા-બાપ, સગા-સંબંધી કોઈને માન્યામાં ન આવતું. આવું તે કાંઈ હોય? ભગવાને જાણે પોતાનું મગજ વાપરવાનું બંધ કરી દીધું હોય, અથવા તો એને પણ ઉધઈ લાગી ગઈ? કેમ એમ? લોકોમાં ભાવનાઓ અને સંવેદનશીલતા શા માટે જગાડે છે તું? તુ જ જો દુનિયા ચલાવતો હોય તો તારો સમય પુરો થયો. હવે બીજા કોઈને મોકો આપ જે સમજી વિચારીને ન્યાય કરે.

આ ત્રણેય કિસ્સામાં આપણને એક કોમન મેસેજ મળે છે કે ઉંમર ગમે તે હોય, સ્ત્રી હોય કે પુરુષ, બધાને હાર્ટ એટેક ગમે ત્યારે, ગમે તે ક્ષણે, આવે છે. બધા જ ટેસ્ટ જો નોર્મલ હોય તો હાર્ટ એટેક કેમ આવે છે?

એનો પણ જવાબ છે. સામાન્ય રીતે લીપીડ પ્રોફાઈલમાં ટોટલ કોલેસ્ટ્રોલ, HDL કૉલેસ્ટ્રોલ, LDL કોલેસ્ટ્રોલ, ટોટલ કોલેસ્ટ્રોલ અને HDL રેશીયો, HDL અને LDL રેશીયો, અને રહ્યો ટ્રાઈગ્લીસરાઈડ જે અનસેચ્યુરેટેડ ફેટ છે. જેનું રીલેશન ખોરાક સાથે છે. જેમાં ૧૦૦ ગ્રામ કાજુ ખાઈને બીજા દિવસે કરાવવામાં આવે તો રીઝલ્ટ હજાર કરતાં વધારે આવે બે ત્રણ દિવસ ઉપવાસ પછી કોઈ પણ જાતની દવા વગર જે નોર્મલ થઈ જાય છે. આથી ટ્રાટગ્લીસરાઈડની ચિંતા ન કરવી. સતત વધારે (ડાયેટ કંટ્રોલ) પછી પણ વધારે આવે તો જ દવા લેવી કે ડૉકટરની સલાહ લેવી. HDL ઓછો હોવો અને LDL વધારે હોવો, દારૂ પીવો, સિગારેટ પીવી એટલે હાર્ટ એટેક નક્કી.

આ બધું જ નોર્મલ હોવા છતાં હૃદયરોગ કેમ થાય. તો હવે નવું લીપીડ પ્રોફાઈલ થાય છે જેને એકસ્ટેન્ડેડ લીપીડ પ્રોફાઈલ કહે છે.

જેમાં લાઈપોપ્રોટીન - એ, જે લીવરમાં બને છે. જેને ઉંમર કે ખોરાક સાથે સંબંધ નથી અને જેને એનેરોસ્કલેરોસીસ (નળીમાં થતો ક્ષાર) રોગની સ્થિતિ જાણવામાં ખુબ ઉપયોગી છે. Pro A, એ એક લીપોપ્રોટીનનો ઘટક છે. એ LDL કોલેસ્ટ્રોલનો મુખ્ય પ્રોટીન ઘટક છે. એ HDL કોલેસ્ટ્રોલનો મુખ્ય પ્રોટીન ઘટક છે.

અનુસંધાન પાના નં. ૭ પર